# 50% મહિલાઓ લેબર ફોર્સમાં જોડાય તો GDPમાં વર્ષે 1.5%નો વધારો થાય

ફિમેલ લેબર ફોર્સ અંગે વાત કરીએ તો ૧૩૧ દેશમાં ભારત ૧૨૦મા ક્રમે છે. ભારતીય મહિલાઓનું વૈશ્વિક સ્તરે આર્થિક યોગદાન અડધા કરતા પણ ઓછું છે. આશરે ૫૦ ટકા મહિલાઓ કાર્યબળમાં જોડાશે તો ભારતના જીડીપીમાં દર વર્ષે ૧.૫ ટકાનો વધારો થશે. આ માટે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જીએનએલયુ) ખાતે 'ફિમેલ લેબર ફોર્સ પાર્ટીસિપેશન ઇન ઇન્ડિયા' વિષય પર પેનલ ડિસ્કશનનું યોજાયું. આ પ્રોગ્રામનું આયોજન નેશનલ કમિશન ફોર વિમેન, જીએનએલયુ અને વી.વી ગીરી નેશનલ લેબર ઇન્સ્ટિટ્યૂટના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું, જેમાં મહિલા કામદારો પર હાલના કાયદાની અસર, વિમેન લેબર ફોર્સમાં ઘટાડો અને સુરક્ષા નીતિઓની અસર વિશે વાત કરાઇ હતી.



## વર્કપ્લેસ પર જેન્ડરગેપ એ વૈશ્વિક પડકાર છે

કાર્યસ્થળ પર જેન્ડર ગેપ એ વૈશ્વિક પડકાર છે અને તે આરબ રાજ્યો, ઉત્તરી આફ્રિકા અને દક્ષિણ એશિયામાં વધુ પ્રમાણ છે. એશિયન દેશોની તુલનામાં સ્ત્રી મજૂર દળની ભાગીદારીનો દર નીચો છે. સૌથી ચિંતાજનક બાબત છે કે છેલ્લા કેટલાય વર્ષોથી તેમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ માટે એકધારા પ્રયત્નો કરવા જરૂરી છે અને જેન્ડર ગેપને ઘટાડવાનો પ્રયત્ન થવો જોઇએ.

**- ડૉ. શાંતાકુમાર, જીએનએલયુ ડાયરેક્ટર**

## આયોગ પાંચ પ્રદેશમાં પ્રાદેશિક પરામર્શ યોજશે

મહિલાઓ ભારતીય વસ્તીના અડધા ભાગનો સમાવેશ કરે છે પરંતુ તે લેબર ફોર્સના એક ક્વાટરથી પણ ઓછી છે. લેબર ફોર્સમાં મહિલાઓની ભાગ લેવાની ખૂબ નીચી સપાટી ભારતના આર્થિક વિકાસમાં એક વિશાળ અવરોધ છે. આ માટે મહિલા આયોગ યોગ્ય હિતધારકોના મંતવ્યો મેળવવા માટે પાંચ પ્રદેશમાં પ્રાદેશિક પરામર્શ યોજશે.

**- ડૉ. રાજુલ દેસાઇ**

## વિમેન લેબર ફોર્સના ઘટાડા પાછળ ઘરેલું ફરજો અને સતત વ્યસ્તતા જવાબદાર

વિમેન લેબર ફોર્સના ઘટાડા પાછળ એક મુખ્ય કારણ મહિલાઓની ઘરેલું ફરજો અને સતત વ્યસ્તતા છે. ઘણી પ્રવૃતિઓ મહિલાઓ પર અતિશય સમયનો ભાર પેદા કરે છે એટલે ટૂંકા ગાળામાં રોજગારી મેળવવાની વાત મર્યાદિત થઇ જાય છે. મહિલાઓ કેમ કામ નથી કરી શકતી તે જાણવા મહિલાઓની માર્કેટ અને નોનમાર્કેટ પ્રવૃત્તિઓને કેપ્ચર કરવી જોઇએ, આ માટે સર્વે થવો જોઇએ. **- ડૉ. એલિના સામંતરોય, વી.વી.ગીરી નેશનલ લેબર ઇન્સ્ટિટ્યૂટ**

Scanned by CamScanner